મળવા જેવા માણસ

# એક દેહાઈની દમદાર સેવા

**વંચિતો માટે કંઈક કરી છૂટવાના વિચારથી રંગાયેલો એક યુવાન શહેરની મોજીલી જિંદગી છોડીને ચોર-લુટારુના ગામે ધામા નાખે છે. પોતે થોડામાં જીવવાનું, પણ આદિવાસી માટે ઘણું કરવાનું એવી વિભાવના ૩૫-૩૫ વર્ષથી હજી ટકાવી રાખનારા મૂળ વલસાડના નીલેશ દેસાઈને મધ્ય પ્રદેશના અંતરિયાળ વિસ્તારમાં એમની સમાજસેવા માટે વર્ષ ૨૦૨૨નો 'જમનાલાલ બજાજ એવૉર્ડ' આપવાની જાહેરાત થઈ છે ત્યારે જાણીએ, એમની સેવાસફર.**

**સમીર પાલેજા** (મુંબઈ)

કોરોના-લૉકડાઉનને કારણે દેશભરમાં કરોડો લોકોના રોજગાર છીનવાયા હતા ત્યારે મધ્ય પ્રદેશના ઝાબુઆ અને આસપાસના જિલ્લાના શ્રમિકો પણ ગુજરાતથી પોતાના વતન પાછા ફર્યા હતા. આવા સંજોગોમાં *સંપર્ક* નામની સ્થાનિક સંસ્થાએ એમની આજીવિકા માટે બહુ પ્રભાવશાળી કામગીરી કરી.

સંપર્કે *મહિલા શક્તિ સંઘ* (એમએસએસ)ના માધ્યમથી ૨૦૧૯-૨૦૨૧ વચ્ચે ૮૩૬ પરિવારમાં ૧૩ લાખ રૂપિયાની લોન વિતરીત કરી, પરિણામે દુકાનદારી, પશુપાલન અને શાકભાજીની ખેતીમાં લોકોની વાર્ષિક આવક સરેરાશ વીસેક હજાર રૂપિયા વધી.

કાજબી ગામની આમરી બાઈ નામની મહિલાએ આવી લોન લઈને મરઘાપાલન, ગૌપાલન અને સજીવ ખેતીનો વ્યવસાય વિસ્તરિત કર્યો અને એ થકી એ પોતાના પરિવારની આવક વર્ષે ૪૫ હજારથી વધારીને અઢી લાખ રૂપિયા સુધી કરી શકી.

હજારો રાશન કિટની વહેંચણીથી માંડીને રસીકરણના પ્રચાર સુધીની જવાબદારી *સંપર્ક*ના કાર્યકરોએ ઉઠાવેલી. જળસંચયથી લઈને પ્રાકૃતિક ખેતી, પશુપાલન, શિક્ષણ અને આરોગ્ય સુધીનાં સમજોપયોગી કાર્યો કરતી *સંપર્ક*ના સ્થાપક મૂળ વલસાડના નીલેશ દેસાઈ છે, એ જાણીને ઘણાને નવાઈ લાગે.

પાછલા સાડા ત્રણ દાયકામાં અનેક એવૉર્ડ-સમ્માન મેળવી ચૂકેલા નીલેશ








**દેશી પ્રજાતિનાં બિયારણનું સંવર્ધન અને વહેંચણી થકી કૃષિને ખેડૂતો માટે લાભકારી બનાવવાના પ્રયત્નો સફળ થયા છે તો મહિલાઓનાં સશક્તિકરણથી ઘર, ગામ અને સમાજે વિકાસની રાહ પકડી છે.**

દેસાઈને વર્ષ ૨૦૨૨ના પ્રતિષ્ઠિત *જમનાલાલ બજાજ એવૉર્ડ* (કન્સ્ટ્રક્ટિવ વર્ક) માટે પસંદ કરવામાં આવ્યા છે. રતલામમાં ભણતર-ઉછેર તથા મધ્ય પ્રદેશમાં કર્મભૂમિ બનાવનારા નીલેશ દેસાઈ શુદ્ધ વલસાડી લહેકામાં ગુજરાતી બોલી શકે છે.

*સમાજસેવામાં કારકિર્દી બનાવવાનો વિચાર કઈ રીતે આવ્યો?* એ પ્રશ્નના ઉત્તરમાં નીલેશ દેસાઈ *ચિત્રલેખા*ને કહે છેઃ 'પિતાજી રતલામમાં રેલવેના ટ્રેડ યુનિયન લીડર હતા. શાળાના સમયથી હું પણ યુનિયનની પ્રવૃત્તિમાં જોડાતો એટલે સામ્યવાદી વિચારસરણી ધરાવતા લોકો મને સાથી-સહયોગી માટે વપરાતા શબ્દ *કૉમરેડ*ને નામે ઓળખતા. વર્ષ ૧૯૭૪માં રેલવેની હડતાળ થયેલી. પિતાજી તત્કાલીન વડા પ્રધાન ઈન્દિરા ગાંધીના કુખ્યાત કાયદા *મિસા* હેઠળ જેલમાં પણ ગયેલા. લેબર મૂવમેન્ટમાં વિકાસની તક સારી છે એમ લોકો કહેતા. પછી મેં ઈન્દોરથી માસ્ટર્સ ઈન સોશિયલ વર્ક (એમએસડબ્લ્યુ) પૂરું કર્યું. એ વખતે કમ્યુનિટી ડેવલપમેન્ટની શાખા નવી ખૂલેલી. પપ્પાની બહુ ઈચ્છા નહોતી, છતાં હું એ ક્ષેત્ર તરફ આગળ વધ્યો.

એ અરસામાં યુવાન નીલેશે પ્લાનિંગ કમિશનના *યોજના* મૅગેઝિનમાં બંકર રૉયનો એક લેખ વાંચેલો. બંકર રૉય પ્લાનિંગ કમિશનના સલાહકાર હતા અને રાજસ્થાનના તિલોનિયામાં ગ્રામ્ય વિકાસનાં કામો કરતા. એમની *બેરફૂટ કૉલેજ (ચિત્રલેખાઃ ૧૦ ડિસેમ્બર, ૨૦૧૨)* દુનિયાઆખીમાં પ્રખ્યાત છે. નીલેશ દેસાઈએ સીધા તિલોનિયા પહોંચીને બંકર રૉય પાસે નોકરી માગી ને એમને મળી પણ ગઈ. પાંચસો રૂપિયાનું માનધન હતું.

જીન્સ, ટી-શર્ટ પહેરતા નીલેશને બંકરબાબુએ સીધો અંતરિયાળ ગામોમાં લોકોની સમસ્યા જાણવા મોકલી આપ્યો. ગામડિયાઓને શહેરી યુવાન પર બહુ વિશ્વાસ ન બેસે એટલે આરંભિક કામગીરી ધીમી રહી. જો કે પછી રૉય સાહેબે નીલેશને નૉન ફૉર્મલ એજ્યુકેશનની જવાબદારી સોંપી. બંકરનાં પત્ની અરુણા રૉયે નીલેશને એક પુસ્તક આપ્યુંઃ *ગુરુજી કે નામ પત્ર.* આ પુસ્તક વાંચીને નીલેશ રાત્રિશાળા અને બિનપરંપરાગત શિક્ષણ પ્રત્યે ઝૂક્યા.

નીલેશભાઈ કહે છે કે છ મહિનામાં હું જીન્સ, ટી-શર્ટ છોડીને કુરતા-પાયજામામાં આવી ગયો. એ સમયે સરકારે દસ જિલ્લામાં વૉટર મિશન શરૂ કરેલું અને એના અમલીકરણ માટે એનજીઓ-બિનસરકારી સંસ્થાઓને મોકળું મેદાન આપેલું. કોઈ પણ સરકારી યોજના જનભાગીદારીથી જ સફળ થાય અને બિનસરકારી સંસ્થાઓ એ ભાગીદારી વિકસિત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે.

જળસંચય, બિનપરંપરાગત ઊર્જા, શિક્ષણ, આરોગ્ય, સામાજિક સૌહાર્દ, કુરિવાજ-અંધશ્રદ્ધા નિર્મૂલન, વગેરેની જાગૃતિ શેરી નાટક તથા કઠપૂતળીના ખેલથી કરતી તિલોનિયાની ટીમ ખૂબ મજબૂત હતી. કોને ખબર કેમ, પણ નીલેશને રતલામથી થોડે દૂર આવેલા મધ્ય પ્રદેશના જ ઝાબુઆ જિલ્લામાં આવી સમાજસેવા શરૂ કરવાનું મન થયું. એ જમાનામાં સૌથી વધારે લૂંટફાટ અને ખુનામરકી માટે દેશઆખામાં આ વિસ્તાર પંકાયેલો હતો.

બંકર રૉયે સંમતિ આપી. નીલેશે ચાર-છ મહિનામાં રાત્રિશાળાના પ્રોજેક્ટ માટે નવા લીડર તૈયાર કર્યા, પછી વાટ પકડી ઝાબુઆની.

નીલેશ દેસાઈ કહે છેઃ 'ઝાબુઆમાં કોઈ સંપર્ક નહીં. તિલોનિયાનો એક યુવાન સાથે આવ્યો, પણ થોડા દિવસમાં ચોરી-લૂંટફાટની ઘટનાઓથી ડરીને એ જતો રહ્યો. મેં રાયપુરિયા ગામે મકાન ભાડે રાખેલું. ત્યાં પાણીની સૌથી વધુ સમસ્યા. રોજ રાત્રે કોઈ વેપારી-વાણિયાના ઘરે ધાડ પડવાના સમાચાર આવે. ગરીબોનાં પશુ પણ લુટારુ છોડતા નહીં. સાઈકલ પર ગામડાંઓ ખૂંદ્યાં ત્યારે ખબર પડી કે *બાડી, તાડી, લાડી* અર્થાત્ જમીન, દારૂ અને સ્ત્રીને લઈને અહીં ખૂબ કંકાસ થાય છે. એ ઉપરાંત, શહેરી લોકો, શાહુકાર, સરકારી બાબુઓ, નેતાઓ તથા મિશનરીઓ અનેક રીતે શોષણ કરે છે. આવા વાતાવરણમાં અમારી વાત કોણ સાંભળે?'

જો કે નીલેશભાઈએ હતાશ થયા વિના જળસંચયનો એક પ્રોજેક્ટ તૈયાર કર્યો. એ વિસ્તારમાં સ્થાનિક લોકદેવતા ગણાતા તેજાજી, (ગુજરાતમાં ભાથીજી નામે ઓળખાય છે) જેમના અનેક જીવનપ્રસંગ શેરી નાટકના વિષય બન્યા છે. નીલેશે સ્થાનિક યુવાનો લક્ષ્મણભાઈ, હરેશભાઈને તૈયાર કરીને તેજાજીનાં નાટકોના ફૉર્મેટમાં જળસંચયના લાભ ઉપરાંત અનેક સામાજિક સંદેશા આપવાના શરૂ કર્યા. એ તુક્કો સફળ રહ્યો અને શેરી નાટક પતે પછી ગામલોકો મીટિંગ કરવા માંડ્યા, ચર્ચા-વિચારણાનો માહોલ બનવા માંડ્યો. જળસંચયની સ્થાનિક યોજનાઓ બની લોકભાગીદારીથી.

કૂવા-તળાવ પહોળાં કરવા લોકો શ્રમદાન આપવા રાજી થયા, પણ શહેરી

# સખા સહિયારા

***રતલામનું** ઘર જોઈને હા પાડશો નહીં, હું રાયપુરિયા રહેવાનો છું અને મારી લાઈફસ્ટાઈલ ૫૦૦ રૂપિયાના માનધનમાં પરવડે એવી જ રહેવાની છે.*

છોકરાએ આમ કહ્યું ને છોકરીનાં દાદીએ ના પાડી દીધી કે *આપણે પડવા જેવું નથી.* જો કે છોકરી મક્કમ હતીઃ *પરણીશ તો નીલેશને જ..!*

નવસારીના સેલ્સ ટૅક્સ અધિકારીની દીકરી પ્રક્ષાલીએ સાઈકલ લઈને ગામડે ફરતા નીલેશ સાથે એરેન્જ્ડ મૅરેજ કર્યાં. ૧૯૮૮થી આજ સુધી



**નીલેશ-પ્રક્ષાલી દેસાઈ તથા જવનિકા-નિશિથ નાયકઃ પરિવારના સાથ વિના સમાજસેવા સંભવ નથી.**

પ્રક્ષાલીબહેને એમના પતિનાં દરેક કાર્યમાં પડછાયો બનીને સાથ આપ્યો છે. *બુનિયાદી શાળા*નો પ્રોજેક્ટ એમના ખભા પર જ છે. ૨૦૦૭માં પ્રક્ષાલીબહેનને છત્તીસગઢ રાજ્યની શિક્ષણનીતિ ઘડવાની સમિતિમાં સ્થાન મળ્યું હતું.

દેસાઈદંપતીએ દીકરી જવનિકાને પણ દસમી સુધી સ્થાનિક શાળામાં જ ભણાવેલી. જવનિકા આજે હવે અમલસાડના નિશિથ નાયકને પરણીને નાની પુત્રી સાથે કેલિફોર્નિયા રહે છે.

બાબુ પૈસા ક્યાંથી લાવશે એ વિશ્વાસ નહોતો એમને. બે અઠવાડિયાં પછી નીલેશે પેમેન્ટ કર્યું ત્યારે લોકોને ભરોસો બેઠો કે આ *દેહાઈ* કામનો માણસ છે. જો કે દેહાઈ તો તાં હુધી હમજી ગેલા કે ખાલી પાણી પર કામ કર્યે નહીં ચાલે.

અહીંના આદિવાસીઓને સતત નાની-નાની રકમની લોન લેવાની ટેવ. દક્ષિણ ભારતના શાહુકારો કમરતોડ વ્યાજ લે એટલે લોકો એમને *કાળી બૅન્ક* કહેતા. નીલેશ દેસાઈએ એની સામે *ધોળી બૅન્ક* અર્થાત્ ગ્રામકોષની યોજના શરૂ કરી. ગામના ખમતીધર લોકો ગ્રામકોષમાં પૈસા જમા કરાવે. ગરજવાનો એમાંથી લોન ઉપાડે ને વાજબી વ્યાજ ભરે. આ રીતે ગામનો પૈસો ગામમાં જ રહેવા માંડ્યો.

દારૂની બદી પણ પુષ્કળ એટલે ઝઘડા ઘણા થાય. કોર્ટ-કચેરી સામાન્ય, પણ પ્રજા અશિક્ષિત એટલે કોર્ટની આગલી તારીખ ક્યારે છે એ વંચાવવા માટે વીસ-વીસ કિલોમીટર દૂર જવું પડે. પોલીસ બન્ને પાર્ટી પાસે પૈસા લે. નીલેશ દેસાઈએ નક્કી કર્યું કે ગામનો ઝઘડો ગામમાં ઉકેલાય એ પ્રાચીન પદ્ધતિને પુનઃ જીવિત કરીએ. એમાં પણ લોકદેવતા તેજાજીનાં શેરી નાટકો કામ આવ્યાં. ગામેગામ *તકરાર નિર્મૂલન સમિતિ*ઓ બની અને ધીરે ધીરે ઝઘડા બિનખર્ચાળ બનવા માંડ્યા.

નીલેશ દેસાઈ કહે છે કે ૧૯૯૪માં દસ ગામમાં પ્રાયોગિક ધોરણે રાત્રિશાળા શરૂ કરી, જેને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો. બાળકોને સરકારી સ્કૂલમાં ભરતી કરાવવાનું પણ કામ એમણે કર્યું. જો કે એ કાળે શિક્ષકોની અછત, વગેરે સમસ્યા રહેતી એટલે આગળ જતાં ૨૦૦૪માં આપણા જ કૅમ્પસમાં ગાંધીજીના વિચારોની *બુનિયાદી શાળા* શરૂ કરી. અહીં વિદ્યાર્થીઓ કમ્પ્યુટર પણ શીખે ને ખેતી પણ શીખે. કોરોના પહેલાં ૫૦૦થી વધુ રહેવાસી બાળકો હતાં. હવે પાછો ૩૦૦એ આંકડો પહોંચી ગયો છે. ગુજરાત મજૂરી કરવા જતાં મા-બાપ એમનાં સંતાનોને *બુનિયાદી શાળા*માં મૂકી જાય છે.

નીલેશ દેસાઈની *સંપર્ક* સંસ્થાએ પશુપાલન અને ગાય-ભેંસની નસલ સુધારણાના પણ પ્રયાસ કરેલા, પણ અનુભવે સમજાયું કે ગરીબી એટલી છે કે લોકો ગાય ખરીદી-પાળી શકતા નથી માટે મરઘાં-બકરી પર ધ્યાન આપ્યું. રસીકરણ, દવા-દારૂનો વ્યાપ વધારીને બકરીનો મોર્ટાલિટી રેટ ૭૮ ટકાથી આઠ ટકા સુધી લાવ્યા. મરઘાપાલનમાં પણ એવું જ. ખાસ મહિલાઓને તાલીમ આપીને *પશુ સખી* બનાવી. ૩૫,૦૦૦ પરિવારને એનો લાભ થયો. કેન્દ્ર સરકારના વૅટરનિટી ચીફ બહુ પ્રભાવિત થયેલા આ કામથી એટલે એમની ઘણી મદદ મળી.

એ જ રીતે ગર્ભવતી સ્ત્રીઓને લગતી અનેક ખોટી માન્યતા તોડીને એમને પોષણ મળે એવી વ્યવસ્થા કરી. સ્ત્રીઓને સુયાણીની ટ્રેનિંગ આપીને ડિલિવરી કરાવવા સજ્જ બનાવી. તિલોનિયાના અનુભવથી અનેક અભણ કે નિરક્ષર સ્ત્રીને સામાન્ય ચિકિત્સામાં નિપુણ બનાવી. પરિણામ એ આવ્યું કે લોકોના ખર્ચા ઘટ્યા, મહિલાઓના હાથમાં પૈસા રહેવા માંડ્યા એટલે ઘર-પરિવારની આર્થિક પ્રગતિ થવા માંડી. બાકી, દારૂના દૂષણને હળવું કરવા *લોકજાગૃતિ મંચ* બનાવ્યો છે.

નીલેશભાઈ કહે છે કે અમારી કોઈ પણ કામગીરીને સરકારી સ્કીમ્સ સાથે જોડી દેવાનું અમે લક્ષ્ય રાખીએ છીએ. પ્રાકૃતિક ખેતી અંગે સરકારના અનેક પ્રોજેક્ટ્સ છે. અમે બિયારણ (સીડ) બૅન્ક બનાવી છે. ખેડૂતોને માર્કેટિંગમાં સપોર્ટ કરીએ છીએ. ઑર્ગેનિક ઘઉં, તુવેરદાળ તથા કપાસ કેરળ, કર્ણાટક ને મુંબઈમાં માર્કેટ થાય છે. ડિમાન્ડને પહોંચી વળતા નથી.

મધ્ય પ્રદેશની જલનીતિ તથા લાઈવ સ્ટૉક પૉલિસી બનાવવામાં પણ નીલેશ દેસાઈનો ફાળો રહ્યો છે. મુખ્ય મંત્રી શિવરાજસિંહ ચૌહાણના અગાઉના કાર્યકાળમાં આદિવાસીઓનાં માથે ખોટી રીતે ચઢી ગયેલી સરકારી લોન માફ કરાવવા માટે સફળ આંદોલન પણ એમણે કરેલું. ઈન્ડિયાના *વૉટર મૅન* ગણાતા રાજેન્દ્રસિંહની *જલ બિરાદરી*નાં કામ પણ મધ્ય પ્રદેશમાં *સંપર્ક* સંસ્થાએ આગળ વધાર્યાં. *સંપર્ક* સંસ્થાને *અઝીમ પ્રેમજી ફાઉન્ડેશન* તથા અનેક કંપનીનું પીઠબળ મળી રહ્યું છે.

નીલેશભાઈ કહે છે કે અગાઉ નિરક્ષરતાને કારણે શોષણ થતું, હવે ડિજિટલ નિરક્ષરતા ફરી શોષણનું માધ્યમ ન બને એ માટે વિદ્યાર્થીઓને સક્ષમ બનાવી રહ્યા છીએ. ખેતીલાયક જમીન નાના ટુકડામાં વિભાજિત થવાથી યુવાનો માટે આજીવિકાની નવી તકો ખોળવા સતત પ્રયત્નશીલ છીએ.

છલ્લે નીલેશ દેસાઈ હસીને... કહે છે કે ગાંધીને વાંચ્યા નથી, પણ અત્યાર સુધીના અનુભવથી લાગે છે કે ગાંધીની ફિલસૂફીથી વધુ નજીક છું. ◘

feedback2samir@chitralekha.com